બે વર્ષીય બી.એડ. અભ્યાસક્રમ સંદર્ભે તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું IITE,ગાંધીનગર સાથે એફીલિએશન મેળવવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૧૭/સિ.ફા.નં.૪૪/ન
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૪/૦૫/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરની તા.૦૩/૦૫/૨૦૧૭ ની સિંગલ ફાઇલ નં.૨૬.

(૨) Indian Institute of Teacher Education,ગાંધીનગરનો તા.૧૫/૦૪/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: આઇ.આઇ.ટી.ઇ./જોડાણ/૫૫/૨૦૧૯.

પ્રસ્તાવના :-

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરની ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેની સિંગલ ફાઇલથી રાજ્યમા તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં ચાલતા બી.એડ.અભ્યાસક્રમનું તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પોરબંદર ખાતે ચાલતા અનુસ્નાતક (M.Ed.) અભ્યાસક્રમનું Indian Institute of Teacher Education, ગાંધીનગર સાથે એફીલિએશન કરવા બાબતે મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવી હતી.ઉક્ત બાબતે વંચાણે લીધેલ (૨) સામેના Indian Institute of Teacher Education,ગાંધીનગરના પત્ર અન્વયે સહમતિ આપવામાં આવી છે.

આમ, રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં ચાલતા બી.એડ. અભ્યાસક્રમનું તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદર ખાતે ચાલતા અનુસ્નાતક (M.Ed.) અભ્યાસક્રમનું એફીલિએશન Indian Institute of Teacher Education, ગાંધીનગર સાથે કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણામાં હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર હેઠળના રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં ચાલતા બી.એડ. અભ્યાસક્રમનું તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પોરબંદર ખાતે ચાલતા અનુસ્નાતક (M.Ed.) અભ્યાસક્રમનું Indian Institute of Teacher Education,ગાંધીનગર સાથે એફીલિએશન કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમ સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૩/૦૫/૨૦૧૯ ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

BEd પ્રકુલ્લ ૬/૫/૧૯

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.મંત્રીશ્રી રા.ક.(શિક્ષણ) ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

C:\Users\Dell\Desktop\Tushar\2019-20\GCERT\THARAV\Tharav.Docx

831
8/5/19

(૪) સચિવશ્રી(પ્રા.શિ.અને મા.શિ.)ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ,કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી,બ્લોક નં.૧૨,ડો.જી.મ.ભવન.,ગાંધીનગર.

(૬) નિયામકશ્રી,જીસીઇઆરટીની કચેરી,સેક્ટર-૧૨,ગાંધીનગર.(જરૂરી કાર્યવાહી સારૂ)

(૭) રજીસ્ટ્રારશ્રી, Indian Institute of Teacher Education,સેક્ટર-૧૫,ગાંધીનગર. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૮) રજીસ્ટ્રારશ્રી,ગુજરાત યુનિવર્સિટી,નવરંગપુરા,અમદાવાદ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૯) રજીસ્ટ્રારશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૦) રજીસ્ટ્રારશ્રી,હેમચંન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૨) રજીસ્ટ્રારશ્રી,શ્રી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,બિલ્ખા રોડ,ગવર્મેન્ટ પોલીટેક્નીક કેમ્પસ,ખાડિઆ,જુનાગઢ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૩) રજીસ્ટ્રારશ્રી,શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી,ગૌરીશંકર તળાવ રોડ,ભાવનગર. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૪) રજીસ્ટ્રારશ્રી,શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી,ગવર્મેન્ટ પોલીટેક્નીક કેમ્પસ,RTO રોડ,ગદુકપુર,ગોધરા,જિ.પંચમહાલ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૫) રજીસ્ટ્રારશ્રી,શ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૬) રજીસ્ટ્રારશ્રી,શ્રી ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી,ચંગલેશ્વર મહાદેવ મંદિર પાસે,મુંદ્રા રોડ,ભુજ,કચ્છ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૭) રજીસ્ટ્રારશ્રી,શ્રી સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર,આણંદ. (જરૂરી કાર્યવાહી સારૂ)

(૧૮) સિલેક્ટ ફાઇલ.